## જન્મદિને વધામણી



વિપુલ ચૌહાણ
પત્રકાર, ગાંધીનગર સમાચાર
મો. ૯૦૬૭૧૩૧૩૭૨



સલીમ યુ મોદન
એડવોકેટ



પાર્વતીબેન મધુકર પરમાર
મો. ૯૬૨૪૧ ૩૫૩૭૫



કૃપાબેન મનોજભાઈ જોષી
મો. ૯૭૨૪૫ ૧૨૦૬૬



વૈદેહી બ્રિજેશસિંહ પરમાર



વૈદિકા બ્રિજેશસિંહ પરમાર

### કડી સર્વ વિશ્વવિદ્યાલય આયોજિત અને અશ્વિનભાઈ એ પટેલ કૉમર્સ કૉલેજ યજમાનિત

# યુવક મહોત્સવ 'સંગત-૨૦૧૮'નું રંગેચંગે સમાપન









કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન અશ્વિનભાઈ એ પટેલ કૉમર્સ કૉલેજના યજમાન પદે આંતર કૉલેજ યુવક મહોત્સવ સંગત ૨૦૧૮નું ગુરુવારે બીજા દિવસે સાંજે ૪થી ૬ કલાક દરમિયાન દબદબાભેર સમાપન કરવામાં આવ્યું હતું. સમાપન સમારોહમાં મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત ગાંધીનગર સમાચારના તંત્રી કૃષ્ણકાન્ત જહાએ જણાવ્યું હતું કે 'યુવાશક્તિની ઓળખ પ્રસ્થાપિત કરવામાં આવે તો પ્રગતિશીલ પરિણામો મળી શકે અને આ હેતુસર યુવક મહોત્સવનું આયોજન જરૂરી છે.' બુધ-ગુરુવાર દરમિયાન યોજાયેલા આ યુવક મહોત્સવમાં ૧૩૬૩ જેટલા વિદ્યાર્થીઓએ ૨૭ જેટલી સ્પર્ધાઓમાં ભાગ લીધો હતો, જેને ૩ હજારથી વધુ યુવાઓએ મનભરીને માણ્યો હતો. સમાપન સમારોહ પૂર્વે બીજા દિવસે કૉલેજ કૅમ્પસમાં રંગબેરંગી વેશભૂષામાં યુવાધન ઉભરાયું હતું.

ગુરુવારે યોજાયેલી વિવિધ સ્પર્ધાઓમાં ૪૬૩ સ્પર્ધકોએ ભાગ લીધો હતો. વક્તૃત્વ, ડિબેટ, હળવું કંઠ્ય સંગીત, ગીત વગેરે સ્પર્ધાઓ આકર્ષણનું કેન્દ્ર બની હતી. યુવક મહોત્સવને સફળ બનાવવા બાદલ સહ સંયોજક ડૉ. રણછોડ રથવીએ કડી સર્વ વિશ્વવિદ્યાલય, મુખ્ય અતિથિ, સંસ્થાના પદાધિકારીઓ, જુદી જુદી કૉલેજના કલ્ચરલ કો-ઑર્ડિનેટર, સ્પર્ધકો, સઘળી સ્પર્ધાઓના નિર્ણાયકો અને તમામ કૉલેજ સ્ટાફ પ્રતિ આભાની લાગણી પ્રગટ કરી હતી.

## ઓમકાર ઈન્ટરનેશનલ સ્કૂલ ખાતે શાળાકક્ષાનો રમતોત્સવ યોજાયો



ગાંધીનગર, તા. ૨૦

રાજ્ય સરકાર દ્વારા બાળકો રમતગમત ક્ષેત્રે શ્રેષ્ઠ પ્રદર્શન કરે તે હેતુથી દર વર્ષે શાળા કક્ષાથી લઈને રાજ્યકક્ષા સુધી રમતોત્સવનું આયોજન કરવામાં આવે છે.

આ રમતોત્સવ માટે શાળા કક્ષાથી આરંભાયેલ સ્પર્ધાઓમાં ઓમકાર ઈન્ટરનેશનલ સ્કૂલના વિદ્યાર્થીઓએ ઍથ્લેટિક્સમાં ૫૦ મીટર દોડ, ૧૦૦ મીટર દોડ, ગોળાફેંક અને લાંબીકૂદમાં ભાગ લીધો હતો. અહીંથી વિજેતા થયેલા વિદ્યાર્થીઓ હવે ક્રમશઃ તાલુકા, જિલ્લા તથા રાજ્યકક્ષાની સ્પર્ધાઓમાં ભાગ લેવા જશે.

## શ્રી પી કે ચૌધરી આર્ટ્સ કૉલેજ ખાતે ફળ પરીક્ષણ તાલીમ શિબિર યોજાઈ



ગાંધીનગર, તા. ૨૦

શ્રી પી કે ચૌધરી મહિલા આર્ટ્સ કૉલેજમાં હોમ સાયન્સ ડિપાર્ટમેન્ટ દ્વારા ગુજરાત રાજ્ય બાગાયત વિભાગ દ્વારા ફળ પરિક્ષણ તાલીમ શિબિર યોજવામાં આવી હતી. આ શિબિરમાં પચીસ વિદ્યાર્થિનીઓએ ભાગ લીધો હતો. બાગાયત વિભાગ દ્વારા ફળોમાંથી વિવિધ વાનગીઓ તૈયાર કરવાની તાલીમ વિદ્યાર્થિનીઓને આપવામાં આવી હતી.

આ વર્કશૉપનું આયોજન પ્રા. તારાબેન દેસાઈ દ્વારા કરવામાં આવ્યું હતું. વર્કશૉપમાં વિભાગનાં વડા પ્રા. પ્રતિમાબેન પંડ્યા અને આચાર્ય ડૉ. મીનાબેન વ્યાસ ઉપસ્થિત રહ્યાં હતાં.

## કામધેનુ યુનિવર્સિટી દ્વારા બ્રોડ સબજેક્ટ મેટર એરિયા અંતર્ગત બે દિવસીય કાર્યશાળા યોજાશે

કામધેનુ યુનિવર્સિટી દ્વારા ભારતીય કૃષિ અનુસંધાન પરિષદ(ICAR)-બ્રોડ સબજેક્ટ મેટર એરિયા (BSMA) સમિતિની રાષ્ટ્રીય કક્ષાની બે દિવસીય કાર્યશાળાનું આયોજન કરેલ છે. આ વર્કશોપ ગુજરાત નેશનલ લો યુનિવર્સિટી ખાતે તારીખ ૨૪-૨૫ સપ્ટેમ્બર, ૨૦૧૮ દરમિયાન યોજાનાર છે. ભારતીય કૃષિ અનુસંધાન પરિષદ(ICAR), ભારત સરકાર, ન્યુ દિલ્હી દ્વારા કિલનીકલ વિષયોનાં બ્રોડ સબજેક્ટ મેટર એરિયા(BSMA) નિયત કરવા સમિતિઓની રચના કરવામાં આવી છે. તેનો મુખ્ય હેતુ અનુસ્નાતક અને પીએચડી અભ્યાસક્રમોમાં સુધારા કરી યોગ્ય અભ્યાસક્રમ નક્કી કરવાનો છે. આ સમિતિ અનુસ્નાતક અને પીએચડી અભ્યાસક્રમોમાં રહેલ ત્રુટિઓ અને નવા ફેરફારો વિશે ભારતીય કૃષિ અનુસંધાન પરિષદને સૂચનો રજૂ કરશે. બ્રોડ સબજેક્ટ મેટર એરિયા સમિતિઓ માટે મંજૂર થયેલ કાર્યક્રમ અનુસાર, દરેક બ્રોડ સબજેક્ટ મેટર એરિયા સમિતિએ તેને સોંપેલ કામ ચાર બેઠક યોજીને કરવાનું હોય છે. જેમાં કામધેનુ યુનિવર્સિટી ખાતે પ્રથમ કાર્યશાળા યોજાનાર છે. કામધેનુ યુનિવર્સિટી, ગાંધીનગરના સંશોધન નિયામકશ્રી ડો. ડી.બી.પાટીલને આ વિષયની બ્રોડ સબજેક્ટ મેટર એરિયા સમિતિના કન્વીનર તથા ડો. જીત સિંઘ, પૂર્વ સંશોધન નિયામક, હરિયાણા કૃષિ યુનિવર્સિટી, હિસારને સમિતિના અધ્યક્ષ નીમવામાં આવેલ છે. આ વર્કશોપમાં દક્ષિણ ભારતની વેટરનરી કોલેજો તથા યુનિવર્સિટીના પ્રખ્યાત વૈજ્ઞાનિકો અને પ્રાધ્યાપકો ભાગ લેશે. આ ઉપરાંત, ગુજરાત રાજ્ય પશુપાલન વિભાગ, એનડીડીબી, સાબરમતી આશ્રમ ગૌશાળા, વિવિધ ડેરી, ફાર્માસ્યુટીકલ કંપનીઓ, ખાનગી પશુ દવાખાના, એનજીઓ વગેરેના પ્રતિનિધિઓ પણ આ પ્રસંગે ઉપસ્થિત રહી જરૂરી સૂચનો કરશે. પશુચિકિત્સા ક્ષેત્રે પ્રવર્તતી સમસ્યાઓ તેમજ શિક્ષણ અને અભ્યાસક્રમ દ્વારા તેના સંભવિત ઉકેલ માટે ચર્ચા કરવામાં આવશે.

આ કાર્યશાળાના આયોજન માટે જરૂરી માર્ગદર્શન યુનિવર્સિટીના કુલપતિશ્રી ડો. પી. એચ. વાટલિયાએ પુરૂં પાડેલ છે તેમજ કાર્યશાળા અંતર્ગત થનાર વિષયોની વિશદ છણાવટ ખૂબ ફળદાયી નીવડશે તેવી આશા વ્યક્ત કરી છે.

## ઈન્ફોસિટી સ્કૂલમાં જિલ્લાકક્ષાની નિબંધ સ્પર્ધા





ગાંધીનગર, તા. ૨૦

'રાષ્ટ્રીય એકતા અને સામુદાયિક સંવાદિતા' વિષયે જિલ્લાકક્ષાની નિબંધ સ્પર્ધા ઈન્ફોસિટી જુનિયર સાયન્સ કૉલેજ, સરગાસણ ખાતે યોજવામાં આવી હતી. મોતીભાઈ દેસાઈ અને શ્રી પી જે પટેલ (મદદનીશ શિક્ષણ નિરીક્ષક, જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી, ગાંધીનગર) આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમના અંત ભાગમાં ઈન્ફોસિટી સ્કૂલનાં પ્રિન્સિપાલ પ્રવીણાબેન પટેલ, મેનેજિંગ ટ્રસ્ટી દલસાણીયાસર અને પ્રમુખ વૈષ્ણવસરના હસ્તે ઉપસ્થિત શિક્ષક, વિદ્યાર્થીઓ અને અતિથિઓને સ્મૃતિચિહ્ન ભેટ આપવામાં આવ્યાં હતાં.

## ફક્ત અનુસૂચિત જનજાતિ યુવક-યુવતિઓ માટે ખડક ચઢાણ બેઝીક તાલીમ કોર્ષનું આયોજન

રાજ્યના ૧૪ થી ૩૫ વર્ષની વયમર્યાદા ધરાવતા ફક્ત અનુસૂચિત જનજાતિના યુવક-યુવતિઓ માટે ખડક ચઢાણ બેઝીક કોર્ષની તાલીમનું આયોજન કરવાનું નકકી કરાયું છે. રાજ્ય સરકારના કમિશનર, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓની કચેરી ગાંધીનગર દ્વારા જૂનાગઢ ખાતે ૧૦ (દસ) દિવસનો ખડક ચઢાણ બેઝીક તાલીમ કોર્ષ આગામી ઓકટોબર-૨૦૧૮માં પંડિત દિનદયાલ ઉપાધ્યાય પર્વતારોહણ તાલીમ કેન્દ્ર, જૂનાગઢ ખાતે યોજવામાં આવનાર છે. જેમાં પસંદ થયેલ ૧૦૦ યુવક-યુવતિઓને ભાગ લેવાની તક આપવામાં આવશે. માત્ર અનુસૂચિત જનજાતિના યુવક-યુવતિઓ કે, જેઓ તા.૩૧/૧૨/૨૦૧૮ના રોજ ૧૪ થી ૩૫ વર્ષની વયમર્યાદા ધરાવતા હોય તેવા અને આ કાર્યક્રમમાં ભાગ લેવા ઈચ્છતા હોય તેઓએ નીચે જણાવેલ વિગતો સાથેની પોતાની અરજી www.sycd.gujarat.gov.in વેબસાઈટ પરથી ફોર્મ ડાઉનલોડ કરી જેમાં સંપૂર્ણ વિગતો ભરીને આધાર-પુરાવા સાથે જિલ્લા રમતગમત અધિકારીની કચેરી, બહુમાળી ભવન રૂમનં.૧, પ્રથમ માળ, સરદાર બાગ, જુનાગઢને તા.૩૦/૦૯/૨૦૧૮ સુધીમાં મોકલી આપવાની રહેશે.

## સરકારી વિનયન કૉલેજ ખાતે હિન્દી દિવસ નિમિત્તે સ્પર્ધાઓ



સરકારી વિનયન કોલેજ, ગાંધીનગર ખાતે હિન્દી વિભાગ દ્વારા હિન્દી દિવસ નિમિતે નિબંધ લેખન, કાવ્ય પઠન અને "ક્યાં વર્તમાન નારી સ્વતંત્ર હૈ?" વિષય પર વકતૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. ઉપરાંત ડો.પ્રમોદ તિવારી એ ભારતીય ભાષા પર વ્યાખ્યાન આપ્યું હતું. જેમનું સ્વાગત પ્રિન્સિપાલશ્રી ડો.હિમ્મત ભાલોડીયાએ પુસ્તક આપીને કર્યું હતું. અને "રાષ્ટ્રભાષા હિન્દી" પ્રાસંગિક ઉદબોધન આપ્યું હતું. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન હિન્દી વિભાગ દ્વારા કરવામાં આવ્યું હતું

## રાંધેજા કૃષિ વિજ્ઞાન કેન્દ્રના સ્થાપના દિવસની ઉજવણી



ગાંધીનગર, તા. ૨૦

ગૂજરાત વિદ્યાપીઠ, રાંધેજાના ૪૧મા સ્થાપના દિવસની ઉજવણી ગ્રામ વ્યવસ્થાપન અધ્યયન કેન્દ્ર ખાતે કરવામાં આવી હતી, કેન્દ્રના વરિષ્ટ વૈજ્ઞાનિક અને વડા ડૉ. વી કે ગર્ગ દ્વારા કેન્દ્રની કામગીરી અને સિદ્ધિઓ વિશે માહિતી આપવામાં આવી હતી. આ કેન્દ્ર જિલ્લાના ખેડૂતો અને મહિલાઓની કૃષિ સંબંધિત સેવાઓ માટે સન ૧૯૯૭થી કાર્યરત છે, જે ખેડૂતોને સુધી વૈજ્ઞાનિક અને આધુનિક તકનીકો પહોંચાડવાનું કાર્ય કરે છે. કેન્દ્રના જુદા જુદા વિષય નિષ્ણાતો દ્વારા કૃષિ, બાગાયત અને પશુપાલન ક્ષેત્રે રહેલી માગો અને પડકારો વિશે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. ગૂજરાત વિદ્યાપીઠના વિદ્યાર્થીઓ આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા.

## જીઆઈપીએસનાં ભૂલકાં ધાર્મિક સ્થળોની મુલાકાતે



ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલમાં પ્રિ-પ્રાઈમરી વિભાગ અને ધો-૧ અને ૨ ના વિદ્યાર્થીઓએ તાજેતરમાં શહેરનાં ધાર્મિક સ્થળોની મુલાકાત લીધી હતી, જેમાં મંદીરની સાથે ગુરુદ્વારા અને ચર્ચની મુલાકાત પણ લેવામાં આવી હતી. આ ધાર્મિક સ્થળો અંગે વિદ્યાર્થીઓને બહોળું માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

## સ્વ. બાજપેયીને કાવ્યાંજલી


















ગાંધીનગર, તા. ૨૦

ભારતરત્ન સ્વ. અટલ બિહારી બાજપેયીની પ્રથમ માસિક પુણ્યતિથિ નિમિત્તે ભારતીય જનતા પાર્ટી, ગાંધીનગર મહાનગર દ્વારા કાવ્યાંજલિ કાર્યક્રમનું આયોજન ગાંધીનગરમાં કરવામાં આવ્યું હતું. ડૉ. કેશુભાઈ દેસાઈ, ધ્વનિલ પારેખ, નટવર હેડાઉ 'વન વિહારી', કિશોર જીકાદરા, સંજય થોરાત 'સ્વજન', પ્રતાપસિંહ ડાભી 'હાકલ', આલોક ગુપ્તા અને નિરંજન શાહ દ્વારા સ્વ. બાજપેયીની કવિતાનું પઠન કરવામાં આવ્યું હતું. કવિ શૈલેષ પંડ્યા 'ભીનાશ' દ્વારા આ કાવ્ય મહેફિલનું સંચાલન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં ભાજપ પ્રમુખ મહેન્દ્ર પટેલ, આશિષ દવે, નાજાભાઈ ઘાંઘર, કેતન પટેલ, અશોકભાઈ પટેલ, નીતિનભાઈ પટેલ, બરખા જહા, પરમજીત છાબડા, કાર્તિક પટેલ, સંજીવ મહેતા અને ઋચિર ભટ્ટ જેવા ભાજપ અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.